# મોડાસા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મકાન તોડી પાડવા મામલે ૬ ઉચ્ચ અધિકારીને નોટીસ



(ફાઈલ તસવીર : સમીર બલોચ, મોડાસા)

મોડાસા, તા.૧૬

મોડાસામાં વર્ષો જુનું પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું મકાન તોડી પાડી નવિન બનાવવાની કામગીરી ચાલી રહી છે. જો કે આ જગ્યા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની નહીં પણ નગરપાલિકાની છે તેમ જણાવી પાલિકાએ તાબડતોબ બાંધકામ અટકાવી દેવા માટે મેડિકલ ઓફિસરને નોટીસ ફટકારી છે. તેમ છતાંય આ જગ્યાએ બાંધકામ ચાલી રહ્યું છે ત્યારે હવે નહેરૂ માર્ગ કેબીન ઓનર એસો.દ્વારા આ જ જગ્યા માટે હાઈકોર્ટમાં પીટીશન દાખલ કરવામાં આવ્યું છે. જેમાં જે જગ્યાએ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બનાવવામાં આવી રહ્યું છે તે જગ્યાની કલેક્ટરમાં દરખાસ્ત પેન્ડીંગ હોવા છતાં બાંધકામ કેમ કરવામાં આવી રહ્યું છે તે મુદ્દો ઉઠાવવામાં આવ્યો છે.

જાણવા મળ્યા મુજબ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની આગળ ૧૫ જેટલા કેબીન આવેલા છે. આ કેબીનને કારણે શહેરમાં ટ્રાફિકની સમસ્યા ઉભી થતાં તત સમયે વૈકલ્પીક વ્યવસ્થાના ભાગ રૂપે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર જે જગ્યાએ ચાલે છે તે જગ્યા કેબીન ધારકોને આપવા માટે નક્કિ કરાયુ હતું. આ અંગે નહેરૂ માર્ગ કેબીન ઓનર એસો.દ્વારા કલેક્ટરમાં દરખાસ્ત પણ કરવામાં આવી છે. જે હાલ પેન્ડીંગ છે તેમ છતાંય પીએચસીના મકાનનું બાંધકામ શરૂ થઈ જતાં કેબીનધારકોએ કોર્ટનો આશરો લીધો છે.

પીટીશનને પગલે હાઈકોર્ટે અરવલ્લી જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર, મોડાસા પાલિકાના ચીફ ઓફિસર, ડેપ્યુટી કલેક્ટર અને શહેરી વિકાસના સેક્રેટરીને નોટીસ પાઠવી છે. અને ૨૦ જુલાઈના રોજ જવાબ આપવા આદેશ કરવામાં આવ્યો છે.

# ભિલોડામાં ઠેર-ઠેર ગેરકાયદેસર દબાણોનો રાફડો ફાટ્યો

(પ્રતિનિધિ) અમદાવાદ,તા.૧૬

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં હાર્દસમા વિસ્તારોમાં ઠેર-ઠેર ગેરકાયદેસર દબાણોનો રાફડો ફાટ્યો છે ત્યારે ટ્રાફીકની ભારે ગંભીર

**ટ્રાફીકની ભારે સમસ્યા સર્જાય છે. બજારો અને રેસીડેન્ટ વિસ્તારોમાં ઠેર-ઠેર રસ્તા પૈકીના દબાણો વધતાં વાહન ચાલકો, રાહદારીઓ પરેશાન**

સમસ્યા સર્જાય છે. શાળાના વિદ્યાર્થીઓ અને અબાલ-વૃધ્ધ,રાહદારીઓ માર્ગો ઉપરથી પસાર થતા હોય ત્યારે ક્યારેક-ક્યારેક ફસાઈ જતા હોય છે. ક્યારેક-ક્યારેક નાના-મોટા અકસ્માતો પણ સર્જાતા હોય છે.વાહન ચાલકો ઉપર દોષનો ટોપલો નાખવામાં આવતો હોય છે તેમ જાણવા મળેલ છે.

ભિલોડામાં હાર્દસમા બજારો,રેસીડેન્ટ વિસ્તારોમાં કાયદાની એસી-તેસી કરી બિનઅધિકૃત રીતે ગેરકાયદેસર ઠેર-ઠેર દબાણોનો દિન-પ્રતિ-દિન વધારો થતાં વાહન ચાલકો, રાહદારીઓ હેરાન-પરેશાન બન્યા છે ત્યારે વાહન ચાલકોની તો કફોડી હાલત છે જ્યાં જાહેર રસ્તાઓ છે ત્યાં દબાણો છે. ભિલોડામાં પોલીસ સ્ટેશન થી આકાર કોમ્પલેક્ષ સુધીના ઈડર-શામળાજી ધોરીમાર્ગની આજુ-બાજુ બિન અધિકૃત રીતે બિલાડીની ટોપની માફક ઠેર-ઠેર દબાણોનો રાફડો ફાટ્યો હોવાનું જાગૃત પ્રજાજનો ધ્વારા જાણવા મળેલ છે. ભિલોડામાં વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ જાણે કે કુંભકર્ણની નિદ્રામાં પોઢ્યા હોય તેમ લોકમુખે ચર્ચાય છે. ભિલોડામાં હાર્દસમા વિસ્તારોમાં રેસીડેન્ટ એન.એ. ટાઈટલ કલીયરવાળી મોકાની જમીનોમાં મોટા-મોટા તોતીંગ કોમ્પલેક્ષો બનાવી દુકાનો વેચાઈ રહી છે. આ વિસ્તારની અભણ,ભોળા અને કાયદાકીય બાબતોથી અજાણ્યા પ્રજાજનોને ધોળા દિવસે ભુમાફીયાઓ લુંટી રહ્યા હોવાનું લોકમુખે ચર્ચાય છે.

જાગૃત પ્રજાજનો મુખમાં મલકાતા- મલકાતા કહે છે કે શું વહીવટી તંત્રના અધિકારીઓના છુપા આશીર્વાદ હશે કે પછી મલાઈદાર હપ્તા આપવામાં આવતા હશે!!!? ભિલોડામાં વહીવટી તંત્રના અધિકારીઓ ધ્વારા ન્યાયિક તપાસ સત્વરે કરવામાં આવે તો ઠેર-ઠેર ગેરકાયદેસર દબાણો દુર થઈ શકે તેમ છે. રસ્તાઓ,કોમન પ્લોટો પણ ખુલ્લા થાય તો વાહન ચાલકો, રાહદારીઓમાં આનંદની લાગણી પ્રસરી જશે તેમ લોકમુખે ચર્ચાય છે.

ભિલોડામાં જાગૃત પ્રજાજનોના જણાવ્યા મુજબ અમુક હાર્દસમા રેસીડેન્ટ વિસ્તારોમાં ૧૦ ફુટ થી ૨૦ ફુટ સુધીના અમુક રસ્તાઓ ઉપર પસાર થવું હોય તો પગપાળા જવું પડશે તેવી રીતે દબાણો કરાયા હોવાનું જાણવા મળેલ છે. ભિલોડામાં ઠેર-ઠેર રસ્તાઓ દિન-પ્રતિ-દિન સાંકડા બની રહ્યા છે અને વાહનોની સંખ્યા દિન-પ્રતિ-દિન વધતી જાય છે ત્યારે ટ્રાફીકની સમસ્યાનું ગ્રહણ વાહન ચાલકોને નડતું હોય છે. ભિલોડામાં જાગૃત પ્રજાજનોના જણાવ્યા મુજબ ઠેર-ઠેર ગેરકાયદેસર દબાણોનો રાફડો ફાટ્યો છે. બિનઅધિકૃત દબાણો ક્યારે હટાવાશે?

# મોડાસા પાલિકા સીમાંકન મુદ્દે ચૂંટણી આયોગને રજૂઆત

## એક જ મહોલ્લાને અલગ અલગ વોર્ડમાં વહેંચવામાં આવ્યા હોવાની રજૂઆત

મોડાસા, તા.૧૬

મોડાસા નગરપાલિકાના નવા સીમાંકનનો પ્રાથમિક આદેશ કરાયો છે ત્યારે કોંગ્રેસના આગેવાનોએ ચૂંટણી કમિશ્નર સમક્ષ વિવિધ પ્રશ્નો ઉઠાવ્યા હતા. જેમાં ભૌગોલિક સ્થિતિને ધ્યાને રાખ્યા વગર જે રીતે વોર્ડની રચના કરવામાં આવી છે તેમાં ફેરફાર કરવામાં આવે તેવી રજૂઆતો કરાઈ છે. ચૂંટણીપંચની આ બેઠકમાં કોંગ્રેસ સહિત ભાજપાના પણ અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

રાજય ચૂંટણી પંચે તા.૨૦૫૨૦૧૫ના રોજ મોડાસા પાલિકાના વોર્ડમાં સીમાંકન તથા અનામત બેઠકો માટેનો પ્રાથમિક આદેશ પ્રસિધ્ધ કર્યો હતો. આ આદેશને પગલે કોંગ્રેસે રાજય ચૂંટણી પંચમાં રજૂઆતો કરી હતી. બાદમાં મંગળવારના રોજ રાજય ચૂંટણી કમિँર વરેશ સિંહાના અધ્યક્ષ સ્થાને યોજાયેલ એક બેઠક પર મોડાસા કોંગ્રેસના આગેવાનો જી.આઈ. ખાલક, પ્રતાપસિંહ ખાંટ, આફતાબભાઈ દુરાની સહિતે રજૂઆત કરી હતી કે, મુદ્દા નં.૮ પ્રમાણે ભૌગોલિક એકજૂથતા નદી, રેલ્વેલાઈન,રોડ લાઈન જેવા વિસ્તારોમાં બિન જરૂરી વિભાજન ન થાય અને એક સરખા વોર્ડ બની રહે તે ધ્યાને રાખીને વોર્ડનું સીમાંકન કરવાની બાબત ધ્યાને રાખવામાં આવી નથી. કેટલાક બ્લોકને ફેરબદલ કરવામાં આવે તેવી રજૂઆત કરાઈ હતી. વોર્ડના સીમાંકનની હદ વર્ણનમાં પણ વિસંગતતા હોવાના વાંધા રજૂ કરવામાં આવ્યા હતા.

સીમાંકન મુદ્દે જણાવાયુ હતું કે, એક જ મહોલ્લાને અલગ અલગ વોર્ડમાં વહેંચવામાં આવ્યા છે જેમાં સુધારા કરવા જોઈએ કેટલાક વોર્ડ બહુ મોટા અંતરમાં બનાવાયા હોઈ તેમાં પણ સુધારો કરવા માંગ ઉઠાવાઈ હતી. ઉલ્લેખનીય છે કે વોર્ડ સીમાંકન મુદ્દે ઉગ્ર રજૂઆતો થતાં ચૂંટણી આયોગે પણ અગ્રણીઓને હૈયાધારણા આપી હતી. ચૂંટણી આયોગની આ બેઠકમાં મોડાસા નગરપાલિકા વિસ્તારના અનેક ભાજપા અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# ધાનેરામાં મકાનની છત તુટી પડતા મજૂરનું દટાઈ જતા મોત

## મજૂરને માથાના ભાગે ઈજાઓ થતા સારવાર દરમિયાન મોત નિપજ્ય હતું

ડીસા, તા. ૧૫

બનાસકાંઠાના ધાનેરામાં આવેલી પટેલ સોસાયટીમાં એક અકસ્માતના બનેલા બનાવમાં જૂના મકાનનો કાટમાળ ખસેડતા એક મજૂર યુવક પર ધાબાની છતનો કાટમાળ તુટી પડ્યો હતો. જેમાં આ યુવક કાટમાળ નીચે આવતા તેના માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી અને તેની સારવાર દરમ્યાન કરૂણ મોત થયું હતું.

બનાસકાંઠાના ધાનેરા તાલુકાના આશિયા ગામે રહેતા વાહતાભાઈ વેરસીભાઈ ઉંમર વર્ષ ૨૨ નામનો યુવક મજૂરી કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવતો હતો, જે આજરોજ મજૂરી કામે ધાનેરામાં આવેલી પટેલ સોસાયટીના એક મકાનમાં કાટમાળ ઉતારવાના કામમાં જોડાયો હતો, જો કે તેવા જ સમયે અકસ્માતે ધાબાની છતનો એક ભાગ ધડાકાભેર આ મજૂર યુવકના માથામાં પટકાયો હતો, જેમાં પીડિત મજૂર ગંભીર રીતે ઘાયલ થયો હતો, જેને રાહત અને મદદે સારવાર અર્થે ધાનેરાની પ્રાઈવેટ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યા તેની હાલત ગંભીર જણાતા તેને વધુ સારવાર અર્થે ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં લવાયો હતો. જો કે ત્યાં તેનું સારવાર દરમ્યાન મોત નીપજતાં પરિવારજનોમાં શોકની લાગણી છવાઈ હતી.

# મોડાસા લાયન્સ કલબનો શપથવિધિ સમારોહ યોજાયો

મોડાસા, તા.૧૫



(તસવીર : જય અમીન, મોડાસા)

સમગ્ર દુનિયા અને ભારતદેશમાં સેવાકીય પ્રવૃત્તિઓમાં હંમેશા અગ્રેસર રહેતી અને જરૂરીયાતમંદ વાળા બાળકો અને લોકોના દુખમાં સહભાગી થવા માટે જાણીતી લાયન્સ કલબની મોડાસા શાખાના શપથવિધિ સમારોહની ભવ્ય રીતે ઉજવણી કરવાં આવી હતી.

મોડાસા શહેરમાં સેવાકીય પ્રવૃત્તઓ માટે જાણીતી લાયન્સ કલબ ઓફ મોડાસાનો શપથવિધિ સમારોહ યોજાયો હતો. જેમાં લાયન્સ વર્ષ ૨૦૧૫-૧૬ના પ્યુરીટી, ડીગ્નીટી અને હ્યુમીટીના સુત્ર હેઠળ લાયન્સ કલબના હોદ્દેદારોએ શપથ લીધા હતા. લાયન્સ કલબના પાસ્ટ ડીસ્ટ્રીકટ ગર્વનર ભરતભાઈ મોદીએ નવી ટીમના પ્રમુખ લા. સુરેશભાઈ બી. પટેલને શપથ લેવડાવ્યા હતા. શપથવિધિ કાર્યક્રમમાં ડૉ. ટી.બી. પટેલ(સમારંભના અધ્યક્ષ) તથા સંત શ્રી તુલસીબાપાએ આર્શીવચન આપ્યા હતા. પાસ્ટ ડિસ્ટ્રીકટ ભરતભાઈ મોદીએ મલ્ટીમીડીયા પ્રોજેકટર સાથે શપથ ગ્રહણ કરનાર તમામ હોદ્દેદારોને પોતાની જવાબદારી સમજાવી શપથ લેવડાવ્યા હતા. આ પ્રસંગે ઝોન ચેરમેન પ્રવિણભાઈ પરમાર, અનિલભાઈ જયસિંઘાણી હાજર રહ્યા હતા. મોડાસા લાયન્સ કલબના મંત્રી તરીકે ભાવેશ જયસ્વાલ (ગોકુલ ટ્રાવેલ્સ) તથા ટ્રેજરર તરીકે રાજુભાઈ પટેલ, લાયોનેસ પ્રમુખ હેમલતાબેન પટેલ, લીઓ પ્રમુખ ધ્વની પટેલે તેમની ટીમ સાથે શપથ ગ્રહણ કર્યા હતા. શપથવિધિ કાર્યક્રમમાં કનુભાઈ પટેલ કરસનભાઈ ખેર તેમજ અતિથિ વિશેષ સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. મોડાસા લાયન્સ કલબના પૂર્વ પ્રમુખ પ્રવીણ પરમારની વરણી ઝોન ચેરમેન તરીકે થવા બદલ કલબે હર્ષની લાગણી અનુભવી હતી. આ શપથવિધિ સમારોહમાં મોડાસાના અગ્રણીઓ અને પ્રજાજનો ઉપસ્થિત રહ્યા હતાં.

# ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ સમાજનું ગૌરવ



અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરના વતની અને મેઘરજ નાગરીક સહકારી બેંકમાં ફરજ બજાવતા અધિકારી જયેશભાઈ ઉપાધ્યાય (હનુમાનજી ઉપાસક)એ શ્રી મહર્ષિ કોલેજ ઓફ વેદિક એસ્ટ્રોલોજી (ઉદયપુર. રાજ) કોલેજમાંથી જ્યોતિષશાસ્ત્રની પદવી પ્રાપ્ત કરતા અને જ્યોતિષ વિદ્યામાં ખૂબજ નામના મેળવી ત્રિવેદી મેવાડા બ્રહ્મસમાજનું ગૌરવ વધારવા બદલ સમાજના અગ્રણીઓએ અભિનંદન પાઠવ્યા હતા તેમજ જનકલ્યાણની સેવામાં સતત સેવારત રહેવા આહ્વાન કર્યુ હતું.

# ખેડબ્રહ્મા આઈ.ટી.આઈ. પાસેથી અજાણ્યા યુવકનો મૃતદેહ મળ્યો

ખેડબ્રહ્મા, તા. ૧૬

ખેડબ્રહ્મા આઈ.ટી.આઈ. નજીક ગતરોજ એક અજાણ્યા યુવકનો મૃતદેહ બિનવારસી હાલતમાં મળી આવતા ચકચાર મચી જવા પામી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ખેડબ્રહ્મા શહેર નજીક આઈ.ટી.આઈ આવેલ છે. જ્યાંથી ગતરોજ સાંજના સમયે ચાંપલપુર ગામના પરાશ્રયભાઈ મિસ્ત્રી પસાર થઈ રહ્યા હતા. દરમિયાન એક ૨૫ વર્ષીય યુવાનનો મૃતદેહ જમીન પર પડેલ નજરે પડ્યો હતો. આથી પોલીસને જાણ થતા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને મૃતદેહનું પંચનામુ કરી તેને પી.એમ. અર્થે મોકલી આપ્યો હતો. આ સમગ્ર ઘટના મામલે ખેડબ્રહ્મા પોલીસે ગુનો નોંધી અજાણ્યા મૃતકના વાલી વારસની શોધખોળ હાથ ધરી છે.

# સિસોદરા ગામે કૂવામાંથી આધેડનો મૃતદેહ મળ્યો

મોડાસા, તા. ૧૬

મેઘરજના સીસોદરા (અદાપુર) ગામ નજીક આવેલ કૂવામાંથી મૃતદેહ મળી આવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી.

બુધવારે સમી સાંજે સીસોદરા ગામની સીમમાં આવેલ કૂવામાં કોઈ અજાણ્યા વ્યક્તિનો મૃતદેહ પાણીમાં તરતો હોવાની માહિતી મેઘરજ પોલીસને મળી હતી. આથી પોલીસે ઘટનાસ્થળે પહોંચીને મૃતદેહને કૂવામાંથી બહાર કઢાવ્યો હતો. મૃતદેહ બહાર નિકાળીને તપાસ કરતા મૃતક સીસોદરા ગામનો નારણભાઈ હેમચંદભાઈ પટેલ હોવાનું બહાર આવ્યું હતું. વધુ તપાસ માટે પોલીસે મૃતદેહને પી.એમ. અર્થે મોકલી આપ્યો હતો.

# મહેસાણામાં વિદ્યાર્થી પરિષદ દ્વારા પોઈન્ટ ટુ પાવર કાર્યક્રમ યોજાયો



મહેસાણા, તા. ૧૬

મહેસાણા જિલ્લામાં જી.આઈ.ડી.સી. કોમ્યુનીટી હોલ ખાતે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા પોઈન્ટ ટુ પાવરનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ થકી વિદ્યાર્થીઓ નિષ્ણાતો દ્વારા પોતાના મુંઝવતા પ્રશ્નોનું નિરાકરણ લાવી શકે છે.

કાર્યક્રમમાં ઉપસ્થિત રાજ્યના ગૃહ રાજ્યમંત્રીશ્રી રજનીકાન્ત પટેલે જણાવ્યું હતું કે પોઈન્ટ ટુ પાવર કાર્યક્રમના આયોજન થકી વિદ્યાર્થીઓને મુંઝવતા પ્રશ્નોનું નિરાકરણ મળશે. યુવાનીમાં અનેક પ્રશ્નો ઉપસ્થિત થાય છે અને પ્રશ્નોનું સાતત્ય પૂર્ણ નિવારણ ન થાય ત્યાં સુધી ઉકેલ મળતો નથી. આ પ્રકારના કાર્યક્રમો થકી વિદ્યાર્થીઓને પ્રશ્નો અને તેના ઉત્તરો મળનાર છે.

ગૃહરાજ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે જીવનને દિશા આપવાનું કામ આપણે કરવાનું છે. પરિસ્થિતિને અનુકૂળ થઈ જીવનને અગ્રેસર કરવાની દિશામાં કામ કરવાનું છે. રાષ્ટ્રના નિર્માણ માટે સ્વાભિમાન જરૂરી છે. પ્રત્યેક વ્યક્તિ મુલ્યનિષ્ઠ થઈ રાષ્ટ્રનું નિર્માણ કરે તે જરૂરી છે. મંત્રીશ્રીએ જીવનમાં હકારાત્મક અને શ્રેષ્ઠ વિચારો થકી ગુણાત્મક પરિવર્તન આવે છે તેમ જણાવ્યું હતું.

કાર્યક્રમમાં ક્ષેત્રીય સંગઠન મંત્રી સંજયજી પાંચકોરે જણાવ્યુ હતું કે વિદ્યાર્થી પરિષદ રાષ્ટ્ર ભાવના સાથે કામ કરી રહી છે. જીવનના દરેક ક્ષેત્રે સકારાત્મક કાર્ય વિદ્યાર્થી પરિષદ દ્વારા થયું છે. વિદ્યાર્થી શક્તિને રાષ્ટ્ર શક્તિ ગણી છાત્ર શક્તિ અને રાષ્ટ્ર ભક્તિ તરફ પરિષદ કામ કરી રહી છે. આ ઉપરાંત હરીયાળું પર્યાવરણ અને સ્વચ્છ ભારત તરફ કાર્ય કરી વસુંધૈવ કુટુંબનું કાર્ય કરી રહ્યું છે.

કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉપસ્થિત અધિકારીઓ અને પદાધિકારીઓને પોતાને લગતા વિવિધ મુંઝવતા પ્રશ્નો પુછી માર્ગદર્શન મેળવ્યું હતું.

કાર્યક્રમમાં સામાજીક કાર્યકર તરૂણભાઈ બારોટે પ્રાસંગિક પ્રવચન કર્યુ હતુ. કાર્યક્રમમાં ડૉ. છગનભાઈ પટેલ, રાજુભાઈ ત્રિવેદી, વિશાલભાઈ ગજ્જર, સંદીપભાઈ પટેલ, વિદ્યાર્થીઓ, અધિકારીઓ, પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જિલ્લાના ૫૧૦૦ વિદ્યાર્થીઓને લાઈસન્સ અપાવવાની સિદ્ધિ

પાલનપુર, તા. ૧૬

આજરોજ જિલ્લા પોલીસ વિભાગ અને આરટીઓ વિભાગના સહયોગથી જિલ્લાના ધારાસભ્ય અને રાજ્યના વાહન વ્યવહાર મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીના સહયોગથી સદ્ભાવના ગ્રુપ દ્વારા ખાસ વિદ્યાર્થી ડ્રાઈવિંગ લાઈસન્સ કેમ્પમાં ૫૦૦૦ વિદ્યાર્થીઓને લાઈસન્સ આપવાનો ટાર્ગેટ પૂર્ણ કરવામાં આવ્યો હતો. આ લાઈસન્સ કેમ્પ છેલ્લા ૮ માસથી સતત આરટીઓ કચેરીએ પહેલા ત્રીજા અને પાંચમાં શનિવારે યોજવામાં આવતા હતા. આજ રોજ કુલ મળીને ૧૮ કેમ્પોમાં થઈને ૫૧૨૨ વિદ્યાર્થીઓને વાહન ચલાવવાનો પરવાનો એટલે ડ્રાઈવિંગ લાઈસન્સ પ્રાપ્ત કર્યા હતા. જેમાં અંદાજે ૨૨૦૦ બહેનો અને ૩૯૦૦ વિદ્યાર્થી ભાઈઓએ લાઈસન્સ પ્રાપ્ત કર્યા હતા.

આ કેમ્પો ગુજરાત રાજ્યમાં સૌ પ્રથમ બનાસકાંઠા જિલ્લામાં શરૂ કરવામાં આવેલ છે. આ વિદ્યાર્થી ડ્રાઈવિંગ લાઈસન્સ કેમ્પનો મુખ્ય હેતુ એ હતો કે શાળા-કોલેજમાં અભ્યાસ અર્થે જતા વિદ્યાર્થીઓ સમય બચાવવા માટે વાહન લઈને શાળા-કોલેજમાં જતા હોય છે. પરંતુ મોટા ભાગે વિદ્યાર્થીઓ પાસે ડ્રાઈવિંગ લાઈસન્સ હોતા નથી અને અભ્યાસના સમયે આરટીઓ કચેરી જવાનું હોવાથી અભ્યાસનો સમય બગડે એ માટે થઈને લાઈસન્સ લેવાની દરકાર વિદ્યાર્થીઓ લેતા નથી. પરંતુ પાલનપુરનું સેવાભાવી સદ્ભાવના ગ્રુપે આ બાબતે રાજ્યના વાહનવ્યવહાર મંત્રીશ્રીનું ધ્યાન દોરતા રજૂઆત કરી હતી કે જો વિદ્યાર્થીઓ માટેના ખાસ લાઈસન્સ કેમ્પ યોજવામાં આવે તો જિલ્લાના મોટાભાગના વાહન ચલાવતા વિદ્યાર્થીઓ ડ્રાઈવિંગ લાઈસન્સ મેળવશે. રજૂઆત સંદર્ભે મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીએ તુરંત જ આરટીઓ કમિશનરને રજાના દિવસે એટલે કે પહેલો ત્રીજો અને પાંચમા શનિવારે ખાસ કિસ્સામાં આરટીઓ કચેરીનું કામકાજ વિદ્યાર્થીઓ માટે શરૂ કરાવી ડ્રાઈવિંગ લાઈસન્સ કેમ્પનો હેતુ પાર પાડેલ. સદ્ભાવના ગ્રુપે વિદ્યાર્થીઓના ઓનલાઈન ડોક્યુમેન્ટ શબમિશન તથા પરીક્ષા માટેનું મટેરિયલ વિદ્યાર્થીઓને નિઃશુલ્ક પુરૂ પાડેલ અને શાળા કોલેજોમાં ડ્રાવિંગ લાઈસન્સ કેમ્પ માટેના માહિતી કેમ્પો યોજેલ.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

**જિલ્લા પોલીસ વિભાગ અને આરટીઓ વિભાગના સહયોગ સદ્ભાવના ગ્રુપ દ્વારા ૧૮ કેમ્પોમાં થઈ કુલ ૫૧૨૨ વિદ્યાર્થીઓને ડ્રાઈવિંગ લાઈસન્સ અપાવ્યા**

આ યોજાયેલ ૧૮ કેમ્પોને સફળ બનાવવામાં જિલ્લા કલેક્ટર સાહેબશ્રી દિલીપ રાણા, જિલ્લાના પોલીસ વડા શ્રી ચિરાગ કોરડીયા, જિલ્લાના આરટીઓ અધિકારી જે.બી. દેસાઈ, સદ્ભાવના ગ્રુપના ચેરમેન હરેશ ચૌધરી, સાગર જાની, શ્રીકાંત જોશી, જીગર મેવાડા, અશોક પટેલ, આશિષ પઢીયાર, દીપક ભાટોળ, મિતેશ દેસાઈ, મનોજ જોશી, મનીષ ગઢવી, રાહુલ લીમ્બાચીયા, કૌશલ પ્રજાપતિ તથા આરટીઓ પાલનપુરનો સ્ટાફે અગ્રીમ ભૂમિકા ભજવી હતી.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર | TATA | ઓથોરાઈઝ્ડ ડીલર | Castrol | EXIDE INDUSTRIES LIMITED | BRIDGESTONE PASSION for EXCELLENCE | JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦